ભાડજ ખાતે શ્રીશ્રી રાધાકૃષ્ણ મંદિરનો ભવ્યાતિભવ્ય પ્રારંભ

અમદાવાદ, તા. ૨૨

અમદાવાદ શહેરના ભાડજ ખાતે આવેલા હરેકૃષ્ણ મૂવમેન્ટ અમદાવાદ દ્વારા નિર્મિત શ્રી શ્રી રાધા કૃષ્ણ મંદિરને રાજ્યના મુખ્યમંત્રીશ્રી શ્રીમતી આનંદીબેન પટેલે લોકાર્પણ કર્યું હતું. આ પ્રસંગે મંત્રીશ્રી શ્રી નિતીનભાઈ પટેલ, મંત્રીશ્રી શ્રીમતી વસુબેન ત્રિવેદી, મેયરશ્રી શ્રીમતી મિનાક્ષીબેન પટેલ, તથા હરે કૃષ્ણ મૂવમેન્ટના ચેરમેનશ્રી શ્રી મધુપંડિત દાસા તેમજ હરેકૃષ્ણ મૂવમેન્ટ ગુજરાતના પ્રમુખશ્રી શ્રી જગનમોહન કૃષ્ણ દાસા સહિત શહેરનાં પ્રખ્યાત મંદિરોનાં મઠાધીશોતેમજ મોટી સંખ્યામાં ભક્તજનો હાજર રહ્યા હતા.

આ પ્રસંગે શ્રી જયચૈતન્ય દાસા એ જણાવ્યું હતું કે શ્રી શ્રી રાધા કૃષ્ણ મંદિરનો પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવની પૂજા વિધિ તા. ૧૮ એપ્રિલ ૨૦૧૫થી ચાલી રહી છે, જેની ફલશ્રુતી સ્વરુપે શ્રી શ્રી રાધા કૃષ્ણ મંદિરને રાજ્યના મુખ્યમંત્રીશ્રી શ્રીમતી આનંદીબેન પટેલે લોકાર્પણ કર્યું જેનો અમને ખુબ જ આનંદ છે. હરેકૃષ્ણ મૂવમેન્ટનો મુખ્ય ધ્યેય ભગવાન શ્રી ચૈતન્ય મહાપ્રભુ નો સંદેશ દરેક ઘરમાં શ્રી કૃષ્ણનું સંકિર્તન અને બધાને પ્રસાદનો લાભ કૃષ્ણકૃપામૂર્તિ શ્રી શ્રી એ.સી. ભક્તિવેદાંત સ્વામી પ્રભુપાદની પ્રેરણાથી પહોચાડવું છે.

તેઓએ વધુમાં જણાવ્યું હતું કે કલયુગમાં ભગવાન કૃષ્ણ એ આપેલા ગીતાના સંદેશ દ્વારા મોક્ષ પ્રાપ્તિ થઈ શકે છે.

શ્રી શ્રી રાધા કૃષ્ણ મંદિરને રાજયના મુખ્યમંત્રીશ્રી શ્રીમતી આનંદીબેન પટેલે લોકાર્પણ બાદ શ્રી શ્રી રાધા માધવની ભવ્ય રથયાત્રાનું મુખ્યમંત્રીશ્રી દ્વારા પ્રસ્થાન કરાવવામાં આવેલું હતું. ત્યારબાદ શ્રીમતી માધવી ઝાલા ગ્રુપ દ્વારા કૃષ્ણ લીલા પર કથક નૃત્યનો સાંસ્કૃતિક કાર્યક્રમ યોજાયો હતો. તેમજ હીંડોલા ઉત્સવ અને શ્રી નયન પંચોલી દ્વારા ભજનનો કાર્યક્રમ યોજાયો હતો.

સે-૧૦માં વસતી ગણતરી ભવનમાં અચાનક આગ

ગાંધીનગર, તા. ૨૨

ગાંધીનગર સેક્ટર-૧૦એમાં આવેલ સેન્સશ ભવનમાં મોડી રાત્રે અચાનક આગ લાગતા દોડધામ મચી જવા પામી હતી. ઘટનાની જાણ ફાયરબ્રિગેડને કરતા ફાયરનો કાફલો ઘટના સ્થળે પહોંચી જઈ આગ પર કાબુ મેળવ્યો હતો.

સેક્ટર-૧૦એ વિધાનસભા બિલ્ડીંગ પાછળના ભાગમાં આવેલ સેન્સશ ભવનમાં ગત મોડી રાત્રે અચાનક આગ લાગી હતી. ઓફિસ અચાનક આગની જવાળામાં લપેટાઈ જતા ગાંધીનગર ફાયરબ્રિગેડને આગની જાણ કરવામાં આવી હતી. ઘટનાની જાણ થતા જ ફાયર ફાઈટર સાથે ફાયર સ્ટાફ ઘટના સ્થળે તાબડતોબ પહોંચી ગયો હતો. અને આગ પર ફાયર એસ્ટીગ્યુશરથી કાબુ મેળવ્યો હતો. ઉલ્લેખનીય છે કે ઓફીસ સમય બાદ આગ લાગતા મોટી જાનહાની ટળી જવા પામી છે. આ ઘટનામાં કોઈ જાનહાની થવા પામી નથી.

ભરકાવાડા ગામે ભરઉનાળે દૂષિત પાણીથી ગ્રામજનો ત્રાહીમામ

પાલનપુર, તા.૨૨

પાલનપુર નજીકમાં એક હજારની વસ્તી ધરાવતું ભરકાવાડા ગામ આવેલ છે. જયાં ગામના પીવાના પાણીના બોરમાંથી છેલ્લા ઘણા વખતથી દૂષિત પાણી આવી રહ્યું છે. પરિણામે ગ્રામજનો અને પશુપાલકની ભર ઉનાળે પીવાના પાણી માટે હાલત કફોડી બની છે.

પાલનપુર નજીકમાં ભરકાવાડા ગામમાં ગ્રામજનોના પીવા અને ઉપયોગ માટે પાણીનો બોર બનાવવામાં આવ્યો છે. અંદાજે હજારની સંખ્યા ધરાવતા ગ્રામજનો દરરોજ આ બોરમાંથી પાણીનો ઉપયોગ કરી રહ્યા છે. પરંતુ છેલ્લા ઘણા સમયથી અગમ્ય કારણોસર આ પાણીના બોરમાંથી વધારે ક્ષારવાળુ અને ગંદુ પાણી આવી રહ્યું છે. પરિણામે ગ્રામજનો અને પશુ પક્ષી માટે પીવાના પાણીની મોટી મુશ્કેલી ઉભી થવા પામી છે. અને પીવા લાયક પાણી માટે રૂપિયા ખર્ચ કરવા પડે છે. કાં તો દૂર દૂર સુધી અન્ય સ્થળે પાણી ભરવા વલખા મારવા પડે છે. આથી ગ્રામજનોએ સ્થાનિક સરકારી તંત્ર વિરૂદ્ધ ઉગ્ર રોષ વ્યકત કર્યો છે અને તંત્ર સત્વરે ભર ઉનાળાના દિવસોમાં શુધ્ધ પીવાલાયક પાણી ગ્રામજનો સુધી પહોંચાડે તેવી માંગ કરી રહ્યા છે.

પાણીની આ ગંભીર સમસ્યા અંગે સ્થાનિક સરપંચ, તલાટી અને તાલુકા પંચાયતના સત્તાધીશો સમક્ષ અનેક લેખિત રજુઆતો કરવા છતાં કોઈ નકકર પગલા ભરાતા નથી અને તંત્ર કુંભકર્ણની નિંદ્રામાં મસ્ત છે તો બીજી બાજુ સરકાર વિકાસની ખોટી વાતો કરી રહી છે તેવો આક્ષેપ પણ ગ્રામજનોએ કર્યો હતો.

(તસવીર : હરેશ જોષી, પાલનપુર)

ડીસામાં રાજીવ ગાંધી કોમ્પલેક્ષમાં કચરાના ઢગ

ડીસા,તા. ૨૨

ડીસા શહેરમાં આવેલા રાજીવ ગાંધી કોમ્પલેક્ષમાં સફાઈના અભાવે ગંદકીના થર જામતા વેપારીઓ પરેશાની વેઠી રહ્યા છે. આ કોમ્પલેક્ષમાંથી ગંદકી હટાવવા બાબતે વારંવાર રજૂઆતો કરાઈ હોવા છતાં ગંદકીનો ઉકેલ નહી આવતા વેપારીઓમાં રોષની લાગણી જોવા મળી રહી છે.

ડીસા શહેરમાં નગરપાલિકા દ્વારા બનાવાવમાં આવેલ રાજીવ ગાંધી કોમ્પલેક્ષમાં દરવાજા પાસે તેમજ સીડીઓ અને ગેલેરીમાં કચરાના ઢગ ખડકાયેલા જોવા મળે છે. વેપારીઓ નિયમિત સફાઈવેરો ભરતા હોવા છતાં નગરપાલિકાના સફાઈ કર્મીઓ દ્વારા અહી સફાઈ કરવામાં ન આવતી હોવાથી ગંદકીનું સામ્રાજ્ય છવાયુંછે. કોમ્પલેક્ષમાં દરવાજામાં જ કચરાના ઢગલા જોવા મળી રહ્યા છે. ત્યારે નગરપાલિકા દ્વારા વેપારીઓની પરિસ્થિતિને સમજી ગંદકી દૂર કરવામાં આવે તેવી લોકમાંગ પ્રવર્તી રહી છે.

બીએસએનએલના કર્મચારીઓની વિવિધ માંગણીઓને માટે બે દિવસીય હડતાલ

પડતર માંગણીઓ સંદર્ભે બે દિવસની હડતાલ : હડતાલના પગલે ગ્રાહકો રજડયા

મોડાસા, તા.૨૨

ભારતમાં સંદેશા વ્યવહાર માટે ભારત સંચાર નિગમ લી.નું નામ અગ્ર સ્થાને છે ત્યારે બીએસએનએલના કર્મચારીઓ પોતાની પડતર માંગણીઓ અનેપ્રશ્નોના નિરાકરણ માટે ૨ દિવસની હડતાલ ઉપર ઉતરી જતા મોટી સંખ્યામાં ગ્રાહકો રજડી પડયા હતા.

સંદેશા વ્યવહાર ક્ષેત્રે પાયાની સેવાઓ બજાવી રહેલા બીએસએનએલના કર્મચારીઓ છેલ્લા ઘણા સમયથી કેન્દ્ર સરકાર પાસે વિવિધ માંગણીઓ કરી રહેલા છે જેમાં આ સેવાને વધુ સુવિધાસભર બનાવવા, નવા સાધનોની ખરીદી કરવી, ખાલી જગ્યાઓ પર સ્ટાફની ભરતી કરવી, કેન્દ્ર સરકાર અને રાજય સરકારની કચેરીઓમાં બીએસએનએલની સેવાઓ ફરજીયાત બનાવવી તેમજ અન્ય ૨૦થી વધુ માંગો સાથે કર્મચારીઓ બે દિવસીય હડતાલ પર ઉતરી ગયા છે જેનાથી અનેક સ્થળોએ ટેલીફોન રીપેરીંગની ફરિયાદોનો નિકાલ ખોરંભે પડયો હતો. બીલ ભરવા કનેકશન કાર્ડ તેમજ બેલેન્સ કરવા માટે આવતા ગ્રાહકો રજડી પડયા હતાં.

કર્મચારીઓની વિવિધ માંગોના પગલે અનેક વખત કેન્દ્ર સરકારમાં રજૂઆત કરવામાં આવી હતી પરંતુ આ માંગોને કોઈ જ હકારાત્મક પ્રતિસાદ ન મળતા કર્મચારીએ છેવટે હડતાલનું શાસ્ત્ર ઉગામ્યું છે. ત્યારે આ માંગોને સંતોષવામાં નહિ આવે તો આગામી દિવસોમાં વધુ આંદોલનાત્મક કાર્યક્રમો કરવાની ફરજ પડશે.

મેઘરજ જિલ્લા પંચાયત સીટ ૨૦૧૫નો કૃષિ મહોત્સવ રામગઢીમાં યોજાયો

મોડાસા, તા. ૨૨

અરવલ્લી જિલ્લાના મેઘરજ તાલુકાના રામગઢી ખાતે ભેમાપુર જિલ્લા પંચાયત સીટનો ૨૦૧૫ના કૃષિ મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ભેમાપુર સીટના ૧૬૦ લાભાર્થીઓનું ખેતીવાડી આત્મા પ્રોજેક્ટ ફિલ્ડ નિદર્શન કરવામાં આવ્યું હતું. તેમજ પટેલ ઢુંઢાના ખેડૂત પ્રજાપતિ અમૃતભાઈ સોમાભાઈને પ્રગતિશીલ ખેડૂત તરીકે બેસ્ટ આત્મા ફાર્મર એવોર્ડ અને રૂપિયા દશ હજારનો ચેક આપવામાં આવ્યો હતો.

જેમાં તાલુકા પ્રમુખ, જિલ્લા વિકાસ અધિકારી, મેઘરજ મામલતદાર તેમજ અન્ય અગ્રણીઓ અને મોટી સંખ્યામાં ખેડૂતો ઉપસ્થિત રહ્યા હતા.

અરવલ્લી જિલ્લામાં તડબૂચ પકવતા ખેડૂતોને રાતા પાણીએ રોવાનો વારો

મોડાસા, તા. ૨૨

અરવલ્લી જિલ્લાના ભૂમીપુત્રો પરંપરાગત ધાન્ય પાકોનુંવાવેતર છોડીને આધુનિક ખેતી તરફ પાછલા કેટલાક વર્ષોથી ઝુકાવ જોવા મળી રહ્યો છે. જિલ્લામાં ઘઉં, કપાસ, મકાઈ, બાજરી, એરંડા વગેરે પાકોના વાવેતર અને લણીણીમાં સમય વધારે માંગી લેતો હોવાથી ભૂમીપુત્રો તડબૂચ, શક્કરટેટી, બટાકા અને શાકભાજી જેવા રોકડીયા અને ઓછા સમય વધુ નફો રળી આપતા પાકોની વાવણીમાં મોટા પ્રમાણમાં વધારો જોવા મળી રહ્યો છે.

અરવલ્લી જિલ્લામાં આ વર્ષે તડબૂચનું વાવેતર ખેડૂતોએ મોટા પ્રમાણમાં કર્યુ હોવાથી છેલ્લા કેટલાક દિવસોથી બજારમાં તડબૂચ વેચવા માટે વિપુલ પ્રમાણમાં જથ્થો ઠલવાઈ રહ્યો છે. પરંતુ ખેડૂતોને પોષણક્ષમ ભાવ ન મળતાં હાલત કફોડી બની ગઈ છે. તડબૂચનું વાવેતર કરનાર ભૂમીપુત્રોને દર વર્ષ કરતાં ચાલુ સાલે માવઠાના કારણે પાકમાં રોગ આવતાં ખેડૂતોએ તડબૂચના મહામુલા પાકને બચાવવા માટે દવાઓનો છંટકાવ કરતાં ઉત્પાદન ખર્ચ વધી ગયો છે. ઉનાળામાં ગરમી સામે રક્ષણ મેળવવા માટે અને વિટામીનથી ભરપુર તડબૂચનો લોકો બહોળો ઉપયોગ કરતા હોવાથી ખેડૂતોને તડબૂચનો તગડો ભાવ મળી રહેતો હોવાથી ગત વર્ષે તડબૂચનું વાવેતર કરનાર ભૂમીપુત્રો અઢી મહિનાની ખેતીમાં માલામાલ બની ગયા હતા. જેથી ચાલુ વર્ષે અરવલ્લી જિલ્લ્લમાં ખેડૂતોએ તડબૂચનું વાવેતર જંગી પ્રમાણમાં કર્યુ હતુ. અને પાક તૈયાર થતાં બજારોમાં વેચાણ માટે ઠલવાઈ રહ્યો છે ત્યારે સતત હવામાન બદલાવવાથી અને માવઠાઓ થવાથી ગરમી પડવાની શરૂઆત થતાં પહેલાં જ તડબૂચનો પાક તૈયાર થઈ જતાં અને મબલખ પ્રમાણમાં ઉત્પાદન થતાં તડબૂચનો ભાવ પ્રતિ ૨૧ કિલોના રૂ. ૭૦ થી ઓછા રહેતા અને કોઈ ખરીદદાર ન મળતાં ખેડૂતોએ લાલ આંસુઓએ રડવાનો વારો આવ્યો છે. ગતવર્ષે તડબૂચનો પ્રતિ કિલો ભાવ ૧૨૦થી વધુ હતો જ્યારે ચાલુ વર્ષે અડધા કરતા પણ ઓછો ભાવ મળતાં અને ઉત્પાદન અને મજૂરી ખર્ચ વધી જતાં ખેડૂતપુત્રો ખેતરમાંથી તડબૂચને લઈ ટ્રેક્ટર ભરી જાતે જ જિલ્લાના શહેરો, આજુબાજુના જિલ્લાઓમાં અને ગામડાઓમાં વેચવા માટે મજબૂર બન્યા છે. જ્યારે કેટલાક ભૂમિપૂત્રોએ તો તડબૂચને ગૌચરની જમીનમાં ફેંકી દીધા હતા. અરવલ્લી જિલ્લામાં તડબૂચનું વાવેતર કરનાર ખેડૂતોની હાલત કફોડી બની ગઈ છે. અને પ્રતિ કિલો ૨૫ હજાર રૂપિયાનું મોંઘા બિયારણના ખર્ચ કરનાર ખેડૂતો દેવાના ડુંગર નીચે દટાઈ જઈ નુકશાની ભોગવવાના દિવસો જોઈ રહ્યા છે.

(તસવીર : બાબુભાઈ પટેલ, વડાગામ)

શબ્દાવલી - ૫૭૦૯

૧	૨		૩	■	૪	૫	૬
૭		■	૮	૯			
	■	■	૧૦			■	
■	૧૧	૧૨		■	■	૧૩	■
૧૪			■	૧૫	૧૬		■
■	૧૭					■	૧૮
૧૯	■		■	૨૦		■	
૨૧				■	૨૨		

આડી ચાવી

૧. પાપનું આવરણ (૪)
૪. ગુંજન, સારેગમનો રાગ(૩)
૭. વિચાર કરનાર ઇન્દ્રિય(૨)
૮. નેપાળો, જુલાબ (૫)
૧૦. પિયુ, પ્રિતમ (૩)
૧૧. નાનો પાવડો (૩)
૧૪. શ્રવણે... માં બેસાડી મા-બાપને જાત્રા કરાવી (૩)
૧૫. ઉજાશ, ચળકાટ (૩)
૧૭. એકદમ નવા (૫)
૨૦. ઘુટ્ટી, રવિવારે... હોય (૨)
૨૧. વિચાર વિમર્શ (૪)
૨૨. ઘટવું (૩)

ઊભી ચાવી

૧. તુચ્છ, હલકું (૩)
૨. પત્તુ, નાગરવેલનું... (૨)
૩. રાજાઇ ઠાઠ (૪)
૪. દુનિયા, જગત (૩)
૫. કર, વેરો (૨)
૬. પાટણનું... વખણાય, સાડી (૩)
૯. ચીજવસ્તુઓ (૨)
૧૧. પવિત્ર (૩)
૧૨. સમુદ્રમાં રહેલો અગ્નિ(૫)
૧૩. ગરીબ (૨)
૧૫. હોંશિયાર (૩)
૧૬. મર્યાદા (૪)
૧૮. મૃત શરીરને ઓઢાણવામાં આવતું વસ્ત્ર (૩)
૧૯. રોકા, થોભ (૨)

શબ્દાવલી ૫૭૦૮ના જવાબ

આડી ચાવી :- (૧) છબછબીયા (૪) વાસુ (૬) તલ (૭) દરમાયો (૯) વાનગી (૧૨) નવરો (૧૩) નસ (૧૬) અંગીકાર (૧૮) લાલરડુ (૨૧) રામ (૨૨) લક (૨૩) ધોર (૨૫) પવાલી (૨૬) નજાકત

ઊભી ચાવી :- (૧) છત (૨) બલવાન (૩) યાદ (૪) વામા (૫) સુયોગ્ય (૮) રવાનગી (૧૦) નવકાર (૧૧) ગીરો (૧૪) સકારાત્મક (૧૫) વહાલપ (૧૭) રમ (૧૯) લકવા (૨૦) ડુંધો (૨૪) રન

ગ્રાન્ટ-સહાય

● **અનુસંધાન પહેલાનું ચાલુ**

તેમણે સ્પષ્ટપણે જણાવ્યું કે, હજુ તો ૩૧ માર્ચે નાણાંકીય વર્ષ પુરૂ થાય અને નવા વર્ષની ગ્રાન્ટ ફાળવાય-બજેટ જોગવાઈઓનું અમલીકરણ આયોજન થાય ત્યાં જ માત્ર ૨૦-૨૧ દિવસમાં જ આ ગ્રાન્ટ-સહાયના ચેક સુધ્ધાં નગરપાલિકા-મહાપાલિકાઓને અપાઈ જાય તે જ સરકારની પારદર્શીતા ગતિશીલતા અને જનસેવા -તિબધ્ધતા દર્શાવે છે.

મુખ્યમંત્રીશ્રીએ આ અવસરે નગરપાલિકા-મહાનગરપાલિકાઓ માટે કેટલીક વિશેષ જોગવાઈઓ -ાવધાનની ઘોષણા કરતાં કહયું કે, શહેરી યાતાયાત માટે માંગ મુજબ નગરો-મહાનગરોને કુલ ૧૦૦૦ બસ રાજય સરકાર આપશે. આવી બસ સેવાનો નિભાવ અને ઓપરેશન ખર્ચ સંબંધિત સ્થાનિક સ્વરાજયના સત્તાતંત્રએ ઉપાડવાનો રહેશે તેમ તેમણે ઉમેર્યું હતું.

મુખ્યમંત્રીશ્રીએ શહેરો-નગરોને સ્માર્ટ સિટીઝ બનાવવાનું આગવું ચિંતન -સ્તુત કરતાં કહયું કે, સ્માર્ટ સિટીઝની આપણી સંકલ્પના સર્વાંગી સુખ-સુવિધા વૃધ્ધિ જ નહિ, કુપોષણમુકિત, આંગણવાડી--ાથમિક શાળાઓના મકાનોની સહુલિયત, ખૂલ્લામાં શૌચક્રિયામુકત રાજય તથા શહેરી આવાસ ક્ષેત્રોમાં માળખાકીય સવલતો ઉપલબ્ધ કરાવીને જ પાર પાડી શકીશું, આ માટે જનસહયોગ અને ભ્ભ્ભ મોડેલ માટે પણ તેમણે અપિલ કરી હતી.

શહેરી ગૃહ નિર્માણ રાજયમંત્રીશ્રી શંકરભાઈ ચૌધરીએ જણાવ્યું હતું કે રાજય સરકાર વિકાસ માટે જોઈએ તેટલાં નાણાં શહેરો-નગરપાલિકાઓને ફાળવે છે ત્યારે આ નાણાંનો પુરેપૂરો સદઉપયોગ થવો જોઈએ. સમયસર પણ વપરાવવા જોઈએ. રાજય સરકાર સામે ચાલીને શહેરો-નગરપાલિકાઓને વિકાસના કામો માટે એડવાન્સમાં ચેક આપે છે તે -ે-એકટીવ અભિગમ દર્શાવે છે. સ્વચ્છતા એ મિશન નહી પરંતુ એક મંત્ર છે તેમ શહેરી ક્ષેત્રોમાં જાહેર સ્વચ્છતાના સંદર્ભમાં તેમણે જણાવ્યું હતું. શહેરી વિકાસના અધિક મુખ્ય સચિવશ્રી, શ્રી જી. આર. અલોરિયાએ સ્વાગત -વચન કર્યું હતું, સચિવ શ્રીમતી મોના ખંધારે ે-ઝન્ટેશન દ્વારા શહેરી વિકાસ વિભાગની વિવિધ યોજનાઓની વિગતો અને સિધ્ધિ રજુ કરી હતી.

આ -સંગે પાણી પુરવઠા મંત્રીશ્રી બાબુભાઈ બોખીરીયા, મહિલા બાળ કલ્યાણ રાજયમંત્રી શ્રીમતી વસુબહેન ત્રિવેદી, વિધાનસભાના મુખ્યદંડકશ્રી પંકજભાઈ દેસાઈ, મ્યુનિસિપલ ફાઈનાન્સ બોર્ડના ચેરમેનશ્રી ધનસુખભાઈ ભંડોરી, ગુજરાત હાઉસીંગ બોર્ડના અધ્યક્ષશ્રી વિવેકભાઈ તથા વિવિધ મહાનગરપાલિકાઓના -મુખશ્રીઓ, નગરપાલિકાના -મુખશ્રીઓ, જિલ્લા કલેકટરશ્રીઓ સહિત પદાધિકારીઓ-આમંત્રિતો ઉપસ્થિત રહયા હતા.

પુસ્તકોનો ખજાનો

● **અનુસંધાન છેલ્લાનું ચાલુ**

જેઓ આ સંપૂર્ણ કોમ્પ્યુટરાઈઝ અદ્યતન પુસ્તકાલયનો ઉપયોગ કરે છે.

સે. ૧૭નું સરકારી પુસ્તકાલય ગાંધીનગરનું સૌથી મોટુ પુસ્તકાલય છે, અહીં ૩૪,૧૩૦ સભ્યો નોંધાયેલા છે. જેમાં દર મહીને ૪૦૦ સભ્યો ઉમેરાય છે. આ સભ્યોમાં વિદ્યાર્થીઓની સંખ્યા મોટા પ્રમાણમાં હોય છે. આ લાયબ્રેરીમાં ૧,૧૦,૪૦૦ પુસ્તકોનો ખજાનો છે. જેમાં સામાન્ય જ્ઞાનથી માંડીને ધાર્મિક, સામાજિક, વૈજ્ઞાનિક, નવલકથા-નવલિકા, નાની વાર્તાઓ, કવિતાઓ, નૃત્ય કલા, નાટ્ય, ઈતિહાસ, પ્રવાસ, મેનેજમેન્ટ, સ્વાસ્થ્ય, કાયદાકીય જેવા અનેક વિષયોના પુસ્તકોનો સમાવેશ કરાયો છે. અહીં દરરોજ ૧૬૦ મેગેઝીન્સ અને ૩૦ દૈનિકપત્રો આવે છે. જેનો વાંચકો બહોળા પ્રમાણમાં ઉપયોગ કરે છે. દર મહિને ૧૦ હજાર જેટલા પુસ્તકો વાંચવા માટે ઈશ્યુ કરાય છે. આ બંને લાયબ્રેરીમાં માત્ર રૂ. ૫૦ ભરીને પાંચ વર્ષની મુદત માટે સભ્ય બની શકાય છે.

આ ઉપરાંત સરકારી પુસ્તકાલય દ્વારા ફરતા પુસ્તકાલયને બે સેવાઓ ઉપલબ્ધ કરાઈ છે. જેમાં એક સેવા ગાંધીનગર જિલ્લાના ૧૧૫ ગામોમાં પુસ્તકાલયની સગવડ પુરી પાડે છે. બીજી સેવામાં એક મોટુ ફરતું પુસ્તકાલય બનાવાયું છે. જે ૪૦૦૦ પુસ્તકો લઈને ગાંધીનગરના તમામ સેક્ટરો અને તાલુકાના ગામોમાં નિશ્ચિત સમયપત્રક મુજબ ફરે છે. બંને સરકારી લાયબ્રેરીમાં રેડિયો ફિકવન્સી આઈડી (આરએફઆઈડી) યોજના હેઠળ સ્માર્ટકાર્ડની સુવિધા પ્રસ્તુત કરાઈ છે. જેને ખુબ ઉત્સાહજનક પ્રતિભાવ સાંપડ્યો છે. આ સ્માર્ટ કાર્ડ દ્વારા વાંચક જાતે જ પુસ્તક ઈશ્યુ કરી શકે છે અને પરત પણ કરી શકે છે. જેથી વાચકનો સમય બચે છે.

રસ્કિનના 'અન-ટુ-ધ લાસ્ટ' નામના પુસ્તકથી ગાંધીજીને સત્યાગ્રહ કરવાની પ્રેરણા મળી હતી. ગીતા અને બાઈબલ જેવા પુસ્તકોમાંથી લોકોને ઉદાત જીવન જીવવાની પ્રેરણા મળે છે. ભારતના વડાપ્રધાન નેરન્દ્ર મોદીએ ગુજરાતમાં મુખ્યમંત્રીકાળ દરમ્યાન વાંચે ગુજરાત અભિયાન દ્વારા લોકોને પુસ્તકનો મહિમા સમજાવવા પ્રયાસ કર્યો હતો. વિશ્વ પુસ્તક દિને વધુને વધુ લોકો વાંચન તરફ વળે તે માટેનું વાતાવરણ ઉભુ કરવાનો પ્રયાસ કરવો જોઈએ.

(તસવીર : હરેશ જોષી, પાલનપુર)

પાલનપુરમાં પરશુરામ જયંતિ ઉજવાઈ - પાલનપુર સહિત બનાસકાંઠા જિલ્લામાં પરશુરામ જયંતિની શાનદાર ઉજવણી કરવામાં આવી હતી. પરશુરામ જન્મ જયંતિ પર્વે પાલનપુરમાં પરશુરામ પરિવાર દ્વારા સવારે વિશ્વશાંતિ અર્થે પાતાળેશ્વર મહાદેવ મંદિર ખાતે મહા આરતી યોજાઈ હતી. જેમાં મોટી સંખ્યામાં ભુદેવો અને શ્રદ્ધાળુઓ હાજર રહ્યા હતા. દરમિયાન રાત્રે ભવ્ય લોકડાયરો યોજાયો હતો. કાર્યક્રમમાં સાંસદ દિલીપભાઈ પંડ્યા, યાત્રામ વિકાસ બોર્ડના ડિરેક્ટર ગણપતભાઈ જોષી, સમસ્ત બ્રહ્મસમાજ પ્રદેશ અધ્યક્ષ શૈલેષ જોષીનું સન્માન કરવામાં આવ્યું હતું.

ટેન્ડર નોટીસ

અન્ન નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોના વિભાગ, સરદાર ભવન, બ્લોક નં. ૧૪, પમો માળ, નવા સચિવાલય, ગાંધીનગર ખાતે રેટ કોન્ટ્રાક્ટથી કાર્ટીઝ રીફીલીંગની કામગીરી માટે રસ ધરાવતી ગાંધીનગરની સ્થાનિક એજન્સી / સંસ્થાઓએ સીલબંધ કવરમાં ઉપ સચિવશ્રી, અ.ના.પુ. અને ગ્રા.બા.ના વિભાગના નામે દિન-૭માં ભાવો મોકલવાના રહેશે. આ અંગેની કાર્ટીઝ રીફીલીંગમાં વપરાતા પાવડરની માત્રા તેમજ કાર્ટીઝમાં વપરાતા સ્પેર પાર્ટસની વિગતો વિભાગની મહેકમ શાખા પાસેથી રજાના દિવસો સિવાયના દિવસોએ ઓફીસ સમયે મેળવી લેવા વિનંતી છે.

સહી/-
(જી.આર. ગોસ્વામી)
ઉપસચિવ,
અ.ના.પુ. અને ગ્રા.બા.નો વિભાગ,
ગુજરાત સરકાર

માહિતી/૧૫૫/૧૫-૧૬

જાહેર નોટીસ

અરજદાર તરફે વકીલશ્રી ઉર્મિલા જે. જાદવ
મે. ગાંધીનગરના ચોથા એડી. જ્યુ. મેજી. ફ.ક. શ્રી ડી.એ. પારેખ સાહેબની કોર્ટમાં મુ. ગાંધીનગર (રૂમ નં. ૩૨૩)

કિ.પ.અ.નં. ૨૩૭/૨૦૧૫
આંક : ૪

અરજદાર : રાવજીભાઈ શીવાભાઈ પટેલ
રહેવાસી : બી-૧, અર્બુદા ફ્લેટ, ટોલનાકા સાબરમતી, અમદાવાદ

સામાવાળા : (૧) તલાટી કમ મંત્રીશ્રી શેરથા ગ્રામ પંચાયત
રહે. ગામ - શેરથા, તા.જી. ગાંધીનગર
(૨) વલભી વિદ્યાવિહાર
સરનામું : ૪૫, વિરનગર સોસાયટી, નવા વાડજ, અમદાવાદ

બાબત : જન્મ મરણની નોંધણી અધિનિયમ-૧૩(૩) મુજબની જન્મની નોંધ કરવા બાબત.

આથી જાહેર જનતાને આ નોટીસથી જણવવાનું કે, અરજદારના પુત્ર નામે **વિપુલ રાવજીભાઈ પટેલ**નો જન્મ તા. ૨૫/૯/૬૭ના રોજ **મુ. શેરથા, તા. ગાંધીનગર, જી. ગાંધીનગર** ખાતે થયેલ છે. અને સદરહુ જન્મની નોંધ શેરથા ગ્રામ પંચાયતના જન્મ રજીસ્ટરમાં નોંધવાની રહી ગયેલ હોઈ જન્મની નોંધણી કરાવવા માટે અત્રેની કોર્ટમાં **કિ.પ.અ.નં. ૨૩૭/૨૦૧૫**થી અરજી દાખલ કરેલ છે. જેથી કોઈપણ વ્યક્તિને જન્મનો દાખલો આપવા સામે વાંધો કે હરકત હોય તો તેઓશ્રીએ જાતે અથવા માહિતગાર વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટમાં **તા. ૨૦/૫/૨૦૧૫**ના રોજ સવારે ૧૧-૦૦ લાકે પુરાવા સહ હાજર રહી રજૂ કરવાના રહેશે. જો કોઈપણ ઈસમના વાંધા કે હરકત રજૂ નહી થાય તો આગળની યોગ્ય ન્યાયીક કાર્યવાહી કરવામાં આવશે.

આજ તા. ૨૨/૪/૨૦૧૫ના રોજ મારી સહી તથા કોર્ટનો સીક્કો કરીને આપ્યો.

તૈયાર કરનાર
સહી/-
(આર.એમ. શુકલ)
આસીસ્ટન્ટ

મુકાબલ કરનાર
સહી/-
(દિનેશ પી. જાદવ)
સુપ્રિટેન્ડન્ટ

કોર્ટનો સીક્કો

હુકમથી
સહી/-
(વિજય ઠાકર)
ડે. રજીસ્ટ્રારશ્રી
ચીફ. જ્યુડી મેજી. કોર્ટ, ગાંધીનગર